# દિવ્યાંગો સમાજનું અભિન્ન અંગ છે : મુખ્યમંત્રી રૂપાણી

અમદાવાદ, તા. ૨૮

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, દિવ્યાંગો સમાજનું અભિન્ન અંગ છે. દિવ્યાંગોને સમાજમાં માન સન્માન અને હૂંફ મળે અને તેઓ સમાજમાં સન્માનભેર જીવન જીવી શકે તે માટે તેમના કલ્યાણ માટે કેન્દ્ર રાજય સરકારે પરિણામલક્ષી અભિગમો અપનાવ્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઉમેર્યું કે, દિવ્યાંગોની પીડા એ સરકારની પીડા છે. પ્રવર્તમાન સરકાર પારદર્શિતા, નિર્ણાયકતા, સંવેદનશીલતા અને પ્રગતિના ચાર આધારસ્થંભો પર કામ કરી રહી છે. ત્યારે દિવ્યાંગોના સર્વાંગી વિકાસમાં સમાજે પણ દિવ્યાંગો પ્રત્યેની પોતાની માનસિકતા બદલી ઉદ્દીપકની ભૂમિકા અદા કરી દિવ્યાંગોના વિકાસમાં સહભાગી બનવા સંકલ્પબધ્ધ થવા અનુરોધ કર્યો હતો. પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આજે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ તથા રાજય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તેમજ જિલ્લા પ્રશાસન પંચમહાલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ દિવ્યાંગજન સાધન સહાય ઉપકરણ વિતરણ કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ મહાનુભાવોના હસ્તે પંચમહાલ જિલ્લાના ૪૨૯૯ તથા દાહોદ જિલ્લાના ૧૦૦૬ મળીને કુલ ૫૩૦૫ દિવ્યાંગજનોને ૩.૯૫ કરોડની સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## અરવલ્લી જિલ્લો પરશુરામમય બન્યો

મોડાસા, તા. ૨૮

આજે પરશુરામ જયંતી નિમિત્તે મોડાસામાં મોટી સંખ્યામાં બ્રહ્મસમાજ દ્વારા ભગવાન પરશુરામજીને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવ્યા હતા.

મોડાસા શહેરમાં ભગવાન પરશુરામ જયંતી નિમિત્તે માલપુર રોડ ઉપર આવેલ મારૂતીચોકમાં બ્રહ્મસમાજ દ્વારા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતુ. યજ્ઞમાં યજમાન તરીકે મોડાસાના સામાજીક કાર્યકર નિલેશભાઈ જોષીએ યજ્ઞની આહુતી વિધ્વાન બ્રાહ્મણો દ્વારા આપવામાં આવી હતી. આ યજ્ઞમાં શાસ્ત્રી સચીન મહારાજે તથા તેમની ટીમ દ્વારા પુનઃ પાઠ કરી સમગ્ર વાતાવરણ પરશુરામમય બનાવી દીધુ હતુ અને સર્વ દેશવાસીઓના કલ્યાણઅર્થે આશીર્વાદ આપ્યા હતા.

# ત્રીજી મેથી કોંગ્રેસ દ્વારા કિનારા બચાવ બોટ યાત્રા શરૂ કરાશે

### ૧૨મીએ યાત્રાનું ઉમડગામ ખાતે સમાપન : માછીમારોને કોંગ્રેસે આપેલા અધિકારોને છીનવી લીધા : મોઢવાડિયા

અમદાવાદ, તા. ૨૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આયોજીત નવસર્જન ગુજરાત કિનાર બચાવો અભિયાન માડંવી થી ઉમર ગામ બંદર યાત્રાની વિગતો આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અને યાત્રાના પ્રયોજક અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, દેશમાં ૧૬૦૦ કિ.મી જેટલો સૌથી લાંબો દરિયા કિનારો, કિનારા ઉપર જમીન તથા દરિયો ખેડનારી સૌથી સાહસિક પ્રજા હોવા છતાં છેલ્લા ૨૨ વર્ષના ભાજપના શાસને દરિયા ખેડનારા માછીમારોને કોંગ્રેસની સરકારે આપેલા અનેક અધિકારો છીનવ્યા છે અને દરિયા કિનારા ઉપર માછીમારો સહિતની પ્રજા માટે માળખાકીય સુવિધાઓ ઉભી કરવાને બદલે કિનારો અને કિનારાની જમીનો મોટા અને માનીતા ઉદ્યોગગૃહોને પધરાવી દેવાયા છે. અર્જુનભાઈ મોઢવાડિયાએ પત્રકારોને કિનાર બચાવો અભિયાનની વિગતો આપતા જણાવ્યું હતું કે, માછીમાર સમાજના આગેવાનો સાથે કચ્છના માંડવી બંદરથી વલસાડના ઉમર ગામ બંદર સુધીની ૧૬૦૦ કિ.મીની દરિયાઈ રસ્તે નીકળનારી કિનાર બચાવો અભિયાન બંદર યાત્રા તા. ૩જી મે, ના સાંજે ૪-૦૦ કલાકે માંડવી ખાતે સાગર ખેડુ જનસભાને સંબોધન કર્યા પછી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી ઝંડી ફરકાવીને પ્રસ્થાન કરાવશે. સમગ્ર રાજયના ૩૦ જેટલા નાના મોટા માછીમાર બંદરો ઉપર યોજાનારી સાગર ખેડુ જનસભાને અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પૂર્વ મુખ્યમંત્રી અને ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, સાંસદ અને રાષ્ટ્રીય મહામંત્રી મધુસુદન મિસ્ત્રી, પૂર્વ પ્રદેશ પ્રમુખ સિધ્ધાર્થભાઈ પટેલ, રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલ, પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ.તુષાર ચૌધરી સહિતના આગેવાનો સંબોધન કરશે. યાત્રાનું સમાપન કાર્યક્રમ વલસાડ જિલ્લાના ઉમરગામ મુકામે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહમદભાઈ પટેલની હાજરીમાં તા. ૧૨મી મે, ૨૦૧૭ના રોજ સંપન્ન થશે.

# અખિલ ભારતવર્ષીય ઔદિચ્ય બ્રહ્મસમાજ દ્વારા ૭૧ બટુકોને નિઃશુલ્ક યજ્ઞોપવિત અપાઈ

અમદાવાદ, તા. ૨૮

શ્રી અખિલ ભારતવર્ષીય ઔદિચ્ય બ્રહ્મસમાજ દ્વારા જૂન ૨૦૧૬થી ઉજવાઈ રહેલા સવા શતાબ્દી મહોત્સવના સમાપન સમારોહની શરૂઆત આજે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ૩૩માં ત્રિદિવસીય મહાસંમેલન દ્વારા થઈ હતી. આ પ્રસંગે શ્રી અખિલ ભારતવર્ષીય ઔદિચ્ય બ્રહ્મસમાજના પ્રમુખ શૈલેષ શુક્લ, સમસ્ત ગુજરાત રાજ્યકક્ષાના મહામંત્રી અને બ્રહ્મ વિકાસના આયોગના કન્વીનર યજ્ઞેશ દવે, ચૈતન્ય શંભુમહારાજ, ગિરનારી બાપુ, કાલીદાસ મહારાજ, પ્રફુલ્લ રાવલ, સહિત સમસ્ત ગુજરાત બ્રહ્મ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.



શ્રી અખિલ ભારતવર્ષીય ઔદિચ્ય બ્રહ્મસમાજના ૩૩માં ત્રિદિવસીય મહાસંમેલનની શરૂઆતમાં આજે પરશુરામ જયંતિ અખાત્રીજના પવિત્ર દિવસે સમગ્ર ગુજરાતમાં વસતા બ્રાહ્મણોના ૭૧ બટુકોની નિઃશુલ્ક સમુહ યજ્ઞોપવિત અને ૫ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આવતીકાલે તા. ૨૯ એપ્રિલના રોજ બ્રાહ્મણ યુવક-યુવતીઓનું નિઃશુલ્ક જીવનસાથી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અંદાજે ૧૫૦૦થી વધારે યુવક યુવતિઓ ભાગ લેશે. જ્યારે ૩૦ એપ્રિલના રોજ સવારે ૯ કલાકે સમગ્ર ગુજરાતમાં વસતા તમામ બ્રાહ્મણ જ્ઞાતિઓનું મહાસંમેલન યોજાશે.

શ્રી અખિલ ભારતવર્ષીય ઔદિચ્ય બ્રહ્મસમાજના પ્રમુખ શૈલેષ શુક્લએ જણાવ્યું હતું કે આ સંસ્થાની સ્થાપના ઈ.સ. ૧૮૯૨માં કરવામાં આવી હતી. ૨૦૧૭માં અમારી સંસ્થાની સ્થાપનાના ૧૨૫ વર્ષ પૂરા થતાં હોવાથી ગત વર્ષ જૂન ૨૦૧૬થી સવા શતાબ્દિ મહોત્સવની ઉજવણી શરૂ કરવામાં આવી હતી. આજરોજ ૭૧ બટુકોની વેદોક્ત રીતે નિઃશુલ્ક સમુહ યજ્ઞોપવિત આપવામાં આવી હતી, જેમાં તમામ બટુકોને રૂદ્રાક્ષની માળા, પિતાંબર સહિત વાસણસેટની ભીક્ષા પીરસવામાં આવી હતી. જ્યારે સમુહ લગ્નમાં ભાગ લેનાર કન્યાઓને મંગલસૂત્ર, પાનેતર, તિજોરી, ચાંદીના સાંકળા તેમજ ઘરવપરાશમાં આવતા વાસણોનો સેટ કરિવાયરમાં આપવામાં આવ્યો હતો.

## આ પણ વાંચીએ...

### ધૂળમાં રગદોળાયેલી આ જિન્સની કિંમત છે ૨૯ હજાર

જો આપની જિન્સ ગંદી અને ધૂળમાં રગદોળાયેલી દેખાય તો પૂરા કોન્ફીડન્સથી અન્યોને તમે કહી શકો છો કે તે ખૂબ જ મોંઘી છે. કારણ કે મોર્ડન ફેશનના નામે નવા નવા અને અનોખા ડિઝાઈન્સ બજારમાં આવી રહ્યા છે. હાલમાં સોશીયલ મીડિયા પર ફેક




મડી જીન્સની ખુબ જ ચર્ચા છે. આ જીન્સ છે તો એકદમ નવી પરંતુ તેનો દેખાવ એવો છે કે તે એકદમ મેલી અને ગંદી લાગે. આ ડિઝાઈન બ્રાન્ડેડ કંપની દ્વારા લોન્ચ કરાઈ છે. જો કે તેનો ભાવ પણ અધધ છે ૨૯ હજાર રૂપિયા.

### અહીં જમીનની નીચે વસ્યું છે આખુ ગામ

અન્ડરગ્રાઉન્ડ ઘરની વાત તો આપે સાંભળી હશે, પરંતુ આખુ ગામ જમીનની અંદર વસ્યુ હોય તેવુ સાંભળીને ચોક્કસ ચોંકી જવાય.




દક્ષિણ ઓસ્ટ્રેલીયામાં આવેલુ કુબેર પુડી નામનુ ગામ જમીનની નીચે વસ્યુ છે. જમીનની નીચે બનેલા આ ગામના ઘરોમાં સુખ-સુવિધાના તમામ સાધનો ઉપલબ્ધ છે. અહીં લગભગ ૧૫૦૦ ઘરો છે. જેમાં ૩૫૦૦થી વધુની વસ્તી છે.

# આજે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓની બેઠક યોજાશે

હિંમતનગર, તા. ૨૮

આગામી તા. ૨૯-૪-૨૦૧૭ના શનિવારના રોજ બપોરે ૨.૪૫ કલાકે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગોપાલસિંહ રાઠોડની હાજરીમાં અને જિલ્લાના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ અને મહેન્દ્રસિંહ બારૈયા તેમજ જિલ્લાના પ્રદેશના હોદ્દેદારો, ડેલીગેટોની ઉપસ્થિતિમાં જિલ્લાના ઉપપ્રમુખો, મહામંત્રીઓ, મંત્રીઓ અને કારોબારી સભ્યો, ફ્રન્ટલના ચેરમેનો, તાલુકા પ્રમુખો અને શહેર પ્રમુખોની મીટીંગ સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે યોજાશે. જેમાં ગુજરાત પ્રદેશ સમિતિ દ્વારા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં દેડીયાપાડા ખાતે તા. ૧-૫-૧૭ના રોજ યોજાનાર સભાને સફળ બનાવવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે અને જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં કાર્યકરો જોડાય તેવુ આયોજન કરવામાં આવશે તેમજ આગામી સમયમાં જિલ્લામાં કોંગ્રેસનું સંગઠન મજબુત કરવાના ઉદ્દેશથી પ્રદેશ કોંગ્રેસ સમિતિના આદેશાનુસાર સભ્ય નોંધણી ઝુંબેશ પણ હાથ ધરવામાં આવનાર છે તેમ સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હુસેન દિવાને જણાવ્યુ છે.

# મેઘરજના ડુંડવાડા પાસેથી વિદેશી દારૂ ઝડપાયો

મેઘરજ, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ડુંડવાડા પાસેથી ગુરૂવારના રોજ બિસ્કીટની આડમાં સંતાડીને લઈ જવાતો વગર પાસ પરમીટનો મુદ્દામાલ સહિત રૂ. ૧૦૭૨૦૦નો વિદેશી દારૂ સાથે એક આરોપી ઝડપાતા તાલુકાના બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

ગુરૂવારના રોજ મેઘરજ પોલીસની પેટ્રોલીંગ દરમિયાન ઉન્ડવા તરફથી આવતી વાનની તપાસ કરતા વાનમાં વિનર બિસ્કીટની આડમાં સંતાડીને લઈ જવાતો વગર પાસ પરમીટનો વિદેશી દારૂ ઝડપાયો હતો. જેમાં બિયર ટીન નંગ ૭૨ કિંમત રૂ. ૭૨૦૦, મારૂતીવાન નં. જીજે.૧.કેએફ.૪૫૯૪ જેની કિંમત રૂ. ૧ લાખ મળી મુદ્દામાલ સહિત રૂ. ૧૦૭૨૦૦ના વિદેશી દારૂ સાથે એક આરોપીની ધરપકડ કરી મેઘરજ પોલીસે પ્રોહિબીશન એક્ટની કલમ મુજબ આરોપી બાટુકે ધર્મેન્દ્ર જિતેન્દ્ર રહે. અમદાવાદ વિરૂદ્ધ ગુન્હો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.




**મોડાસામાં જમાઅતે ઈસ્લામી હિન્દ નામની સંસ્થા દ્વારા મુસ્લિમ પર્શનલ લો અંગે જાગૃતિ અભિયાન**

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે જમાઅતે ઈસ્લામી હિન્દ નામની સંસ્થા દ્વારા મુસ્લિમ પર્શનલ લૉ જાગૃતિ અભિયાન અંતર્ગત એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. હસન રજા-રાંચી યુનિવર્સિટી ઝારખંડના રીડર સ્કોલર ડૉ. હસન રઝાનીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોડાસાના મુસ્લિમ સમાજના દરેક જમાતના આગેવાનો તેમજ મુસ્લિમ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મીટીંગમાં મુસ્લિમોમાં પર્સનલ લૉ જાગૃતિ આવે તેઓ પોતાના કૌટુંબીક મામલાઓમાં શરીઆતના કાનૂન પર અમલ કરવા તૈયાર થાય એ હેતુથી જમાઅતે ઈસ્લામી હિન્દ દેશભરમાં મુસ્લિમ પર્સનલ લૉ જાગૃતિ આવે તેવુ માર્ગદર્શન આપવા માટે આ કાર્યક્રમ યોજાયો હતો.

# એએમએની વુમન ડોક્ટર્સ વિંગ દ્વારા ૩૦મીએ ઈવ-વિમેન્સ કોન્ફરન્સ યોજાશે

અમદાવાદ, તા. ૨૮

અમદાવાદ મેડિકલ એસોસિએશનની વુમન ડોક્ટર્સ વિંગ




દ્વારા તા. ૩૦ એપ્રિલ, ૨૦૧૭ના રોજ જીએસબી-આઈએમએના છત્ર નીચે ઈવ-વિમેન્સ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. સતત ત્રીજા વર્ષે યોજાઈ રહેલી ઈવ-વિમેન્સ કોન્ફરન્સમાં મહિલાઓની શારીરિક અને માનસિક તંદુરસ્તી સારી રીતે જળવાય તે અંગેના વિવિધ વિષયોને આવરી લેવામાં આવ્યા છે.

એએમએની વુમન ડોક્ટર્સ વિંગ તેમજ ઈવ-વિમેન્સ કોન્ફરન્સના ચેરપર્સન ડૉ. મોના દેસાઈએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'આજના સમયની તાતી જરૂરિયાત છે કે મહિલા પુરતુ શિક્ષણ મેળવીને પોતાના સાથીને જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં મદદરૂપ થાય. મહિલા પોતાના નિર્ણય જાતે લઈ શકે અને તેના માટે દરેક વખતે કોઈના પર અવલંબિત ના રહે તે ખાસ જરૂરી છે. મહત્વની વાત એ છે કે પ્રત્યેક મહિલા પોતાના પરિવારનો મુખ્ય આધાર છે. આથી તેની શારીરિક અને માનસિક તંદુરસ્તી હંમેશા જળવાઈ રહે તે ખાસ જરૂરી છે, કે જેથી તે પોતાના પરિવારની યોગ્ય સારસંભાળ લઈ શકે. આજના સમયમાં ખાસ જોવામાં આવ્યું છે કે મહિલા પોતાની તંદુરસ્તી માટે બેદરકાર રહે છે અને પોતાની કારકિર્દી તેમજ પરિવારની જવાબદારીઓનું સંતુલન જાળવતા તણાવગ્રસ્ત થઈ જાય છે.'

આ કોન્ફરન્સમાં મહિલાઓને લગતી ઘણી શારીરિક સમસ્યાઓની વાત કરવામાં આવશે. જેમાં પેશાબને લગતી બિમારીઓ, ગેસ્ટ્રાઈટીસ, અપચો વગેરે. આ ઉપરાંત વિટામિન ડી-૩ અને વિટામીન બી-૧૨નો સમજદારીપૂર્વક ઉપયોગ, શરીર અને મગજને કેવી રીતે ફીટ રાખવુ તેની પણ વાત કરવામાં આવશે.

નવી પેઢીની મહિલાઓ પોતાની કારકિર્દી અને પોતાના પરિવારની જવાબદારીઓ ઉઠાવે છે. આ બંને જવાબદારીઓ વચ્ચે સંતુલન સાધતા મહિલા માનસિક શાંતિ ગુમાવે છે, જેના કારણે મહિલાઓમાં તણાવનું ઊંચુ પ્રમાણ જોવા મળે છે. મહિલાઓમાં યુવા વયથી જ જોવા મળતા રોગોમાં મુખ્ય ગુનેગાર તરીકે સ્ટ્રેસ જેવો જીવનશૈલીનો રોગ જવાબદાર છે.

## કોઈ વાતચીત નહિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તૈયાર છે જે જનતાના પ્રતિનિધિ બનીને તેમની તરફથી સરકારની સમક્ષ વાતચીત કરવા માટેની કાયદેસરતા ધરાવે છે. કેન્દ્ર સરકારે વાતચીતની શક્યતાને લઈને પોતાની રજૂઆત કરતા કહ્યું હતું કે, તે વાતચીત માટે તૈયાર છે પરંતુ ભારતથી સ્વતંત્ર થવા ઈચ્છુક લોકો અને અલગ થવાની માંગ કરનાર લોકો સાથે વાતચીતકરશે નહીં. બાર એસોસિએશને કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર આ વાતચીતમાં હુર્રિયત નેતાઓને પણ સામેલ કરે અને બંધારણના હદમાં રહીને વાતચીતની શરતને છોડી દે. સુનાવણી દરમિયાન કાશ્મીર ખીણમાં સેના અને સુરક્ષા દળો દ્વારા ઉગ્ર ભીડ ઉપર પેલેટ ગનના ઉપયોગને લઈને મહત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું હતું કે, જો વિરોધ પ્રદર્શન કરનાર તરફથી યોગ્ય ખાતરી આપવામાં આવે તો સરકાર પહેલ કરી શકે છે. કોર્ટે કહ્યું હતું કે, જો કાશ્મીરમાં લોકો અને તેમના પ્રતિનિધિ ખાતરી આપે તો સ્થિતિ સુધરી શકે છે. સુપ્રીમ કોર્ટે જમ્મુ કાશ્મીર બાર એસોસિએશનના લીડરોને કહ્યું હતું કે, તેઓ રાજ્યના વર્તમાન તણાવને ખતમ કરવા અને સ્થિતિને સામાન્ય કરવાને ધ્યાનમાં લઈને આવા લોકોના નામ રજૂ કરે જે કાશ્મીરી જનતાના પ્રતિનિધિ તરીકે કેન્દ્ર સરકાર સાથે વાતચીત કરી શકે છે. જમ્મુ કાશ્મીરના હાઈકોર્ટના બાર એસોસિએશન દ્વારા સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરીને પેલેટ ગનના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાની માંગ કરી હતી. કેન્દ્ર સરકારે પેલેટ ગનના ઉપયોગને લઈને બચાવ કર્યો હતો. બાર એસોસિએશન તરફથી કરવામાં આવેલી દલીલોને સાંભળવામાં આવી હતી. એસોસિએશને એમ પણ કહ્યું હતું કે, પ્રદેશની સ્થિતિને સુધારવા માટે તેમજ આ સમગ્ર મામલામાં કોઈના પક્ષ લીધા વગર ભૂમિકા અદા કરવી પડશે. બાર એસોસિએશન સુરક્ષા દળોની તરફેણ કરી શકે નહીં. પથ્થરબાજોની તરફેણ કરી શકે નહીં.

## ભંગાણના એંધાણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એવા અહેવાલ પણ આવી રહ્યા છે કે ઓછામાં ઓછા બે એએપી નેતા હાલમાં કોંગ્રેસની સાથે સંપર્કમાં છે. જો કે સંપર્ક કરવામાં આવતા આ સભ્યોએ આવા હેવાલને રદિયો આપ્યો હતો. એએપીના નેતાઓએ કહ્યુ હતુ કે હાલમાં આવી કોઈ યોજના નથી. પાર્ટીને આશા છે કે ટોપ લીડરશીપ આ દિશામાં કેટલાક પગલા લેશે અને એકતાને જાળવી રાખશે. આમ આદમી પાર્ટીમાં આંતરિક ખેંચતાણનો દોર ચાલી રહ્યો છે.

પંજાબ એકમમાં પણ બળવા ખતરો તોળાઈ રહ્યો છે. ગુરપ્રિતસિંહ ઘુગ્ગીએ કહ્યું છે કે, પાર્ટી હાઈકમાન્ડ રાજ્યમાં સ્થાનિક કાર્યકરો અને નેતાઓને નજર અંદાજ કરી રહી છે. પડકારરુપ સમયમાં તમામને સાથે રાખવાની જરૂર છે. એએપીના ધારાસભ્યોને પોતાની ટીમમાં લેવાના પ્રયાસ હાલમાં કરવામાં આવી રહ્યા છે. જે રીતે એએપીએ પોતાના સ્થાનિક કાર્યકરો અને નેતાઓથી અંતરજાળવ્યા છે તેનાથી લોકો પાર્ટીથી અલગ થવાના વિચાર કરી રહ્યા છે. અમને તરત નીતિમાં સુધારા કરવાની જરૂર છે. પાર્ટીની આગામી રાજકીય મામલાની બેઠકમાં આ મુદ્દાને ઉઠાવવામાં આવશે. બીજી બાજુ પાર્ટીના ભંગાળની શંકા પણ દેખાઈ રહી છે. ઘણા નેતા ભાજપ સાથે સંપર્કમાં હોવાનું જાણવા મળી રહ્યું છે. એએપીના નેતાએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે, પાર્ટીનો મનોબળ તુટી ગયો છે. અનેક પ્રકારની અફવાઓ ફેલાયેલી છે.

## હુમલાની જવાબદારી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બળાત્કાર કરી રહ્યા હોવાની વિગત પણ આપવામાં આવી છે. બીજી બાજુ ઓડિયોટેપની પ્રમાણિકતાને લઈને કોઈ વાત કરાઈ નથી. માઓવાદીઓ દ્વારા કરવામાં આવેલા દાવાની પ્રમાણિકતા પણ હજુ જાહેર થઈ નથી. બસ્તરમાં હાલમાં જ માઓવાદીઓએ છુપો હુમલો કર્યો હતો જેમાં સીઆરપીએફના ૨૬ જવાનો શહીદ થયા હતા અને બીજા છ જવાન ગંભીરરીતે ઘાયલ થયા હતા.

## ભ્રષ્ટ રાજ્ય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦ રાજ્યો અને ૧૦ પબ્લિક સર્વિસને આવરી લઈને આ સર્વેના તારણ જારી કરવામાં આવ્યા હતા. લોકો દ્વારા ૨૦૧૭માં જે લાંચની રકમ ચુકવવામાં આવી છેતેનો આંકડો ૬૩૫૦ કરોડની આસપાસનો પહોંચ્યો છે. કર્ણાટક સૌથી ભ્રષ્ટ રાજ્યોમાં સામેલ રહ્યું છે તે બાબત ભારે આશ્ચર્ય સર્જે છે.

## ટાઈલ્સ નાખવાનું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુલાકાતીઓને હાલાકી વેઠવાનો વારો આવતો હતો. જયારે સિનિયર સિટિઝન્સ ક્યારેક અકસ્માતનો ભોગ બને તેવી સ્થિતિ સર્જાઈ હતી. ડેપો સંકુલમાં ઉબડ ખાબડ બનેલા ફલોરિંગને સમથળ કરવા માટે કામ હાથ ધરવામાં આવ્યુ છે ડેપોના સુત્રોના જણાંવ્યા મુજબ હાલ ડેપોના શહેરી બસ સ્ટેન્ડ પાસે કામ હાથ ધરાયુ છે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૮ લાખનો ખર્ચ થશે. જયારે બીજા તબક્કામાં સમગ્ર ડેપો સંકુલના ફલોરિંગને બદલવામાં આવશે. ટુંકમાં ડેપોમાં ઉબડ ખાબડ સરફેસને યોગ્ય કરવા માટે નવી ટાઈલ્સો ફીટ કરવામાં આવી રહી છે. ત્યારે ડેપોમાં મુસાફરોલક્ષી અન્ય સુવિધાઓ પણ અપગ્રેડ કરવામાં આવે તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

## પરીક્ષાર્થીઓ શકમંદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાખવામાં આવી હતી. જયારે સી સી ટી વી કેમેરાના ફુટેજનુ મોનિટરીંગ કરવા સે-૧૫ ખાતે સેન્ટર પણ કાર્યરત કરવામાં આવ્યુ હતુ. પરીક્ષાના અંતે આગામી મહીનામાં હવે બાર્ડનુ પરીણામ જાહેર કરવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. ત્યારે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા સી સી ટી વી કેમેરાના ફુટેજની ચકાસણી પણ કરવામાં આવી રહી છે. આ દરમિયાન જિલ્લા શિક્ષણ તંત્રને ધોરણ ૧૦ અને ૧૨ના પરીક્ષાર્થીઓના ફુટેજની ચકાસણી દરમિયાન ૨૯ જેટલા પરીક્ષાર્થીઓ શકમંદ હોવાનુ ધ્યાને આવ્યુ છે. શિક્ષણ તંત્ર દ્વારા આ પરીક્ષાર્થીઓની યાદી બાર્ડને મોકલી દેવામાં આવી છે. આગામી દિવસોમાં બાર્ડ દ્વારા આ પરીક્ષાર્થીઓને હીયરીંગ માટે બોલાવાશે. જયારે ગેરરીતી માલુમ પડે તેવા કિસ્સામાં કોપી કેસ દાખલ કરી કાર્યવાહી હાથ ધરાશે. ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા બાદ હાલ વેકેશનની મોસમ ચાલી રહી છે. ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ પરિણામલક્ષી ઉત્તેજના વચ્ચે ઈન્તેજારી સેવી રહયા છે. ટુંકમાં બોર્ડ દ્વારા પરિણામની તારીખો જાહેર કરવામાં આવે તેવી સંભાવના છે.

## વાંચન શિબિર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રસથી વાંચતા હોય છે તેમ કિરણબેને એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું. તેમણે કહ્યુ હતું કે શિક્ષકો આ વાંચન શિબિરમાં સ્વેચ્છાએ જોડાય છે. આ તદન નવો અભિગમ છે પણ શિક્ષકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવનની લાયબ્રેરી સારી હોવાનો દાવો પણ તેમણે કર્યો હતો. આમાં બાળ સાહિત્યના પણ પુસ્તકો ઉપલબ્ધ હોવાનું તેમણે કહ્યુ હતુ.

## ધુમ્રપાન કરતા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એસ ટી ડેપોમાં સામાન્ય રીતે ડ્રાઈવર કંડકટર ધુમ્રપાન કરતા નજરે પડે છે. જયારે ડેપો સંકુલમાં રોજ બરોજ અવરજવર કરતા મુસાફરો પણ ડેપોની દિવાલો પર પાનની પિચકારી મારી ગંદકી કરતા હોવાથી ભદ્ર સમાજના સભ્યોનુ મોં વંકાયુ છે. જાહેરમાં ગંદકી કરનારા ડેપો સ્ટાફ સહીતના મુલાકાતીઓને અટકાવવા માટે ડેપો તંત્ર દ્વારા ધુમ્રપાન કરાનારાઓ સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય કરાયો છે. જયારે ડેપો સંકુલમાં ધુમ્રપાન કરતા તત્વોની સામે વોચ રાખવામાં આવી રહી છે. જેમાં સી સી ટી વી કેમેરાના આધારે પણ ધુમ્રપાન કરનારાને ઝડપી લેવામાં આવે છે. જયારે ડેપો સ્ટાફ દ્વારા પણ દેખરેખ રાખી ડેપો સંકુલમાં પાનબીડીનુ સેવન કરતા તત્વોને ડામવા માટે દંડનીય કાર્યવાહી કરવામાં આવે છે. ગાંધીનગર એસ ટી ડેપોને સ્વચ્છ અને સુંદર બનાવવા તેમજ વ્યસન મુક્તિના અભિયાનને વેગ આપવા સહીત અન્ય મુસાફરોનો ખ્યાલ રાખી ડેપો સંકુલમાં ધુમ્રપાન કરનારા પાસેથી દંડ વસુલવાનો નિર્ણય લેવાયો છે. જે અન્વયે એપ્રિલ મહીના દરમિયાન ડેપો સંકુલમાં કુલ ૮ કિસ્સામાં દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં પાંચ કીસ્સામાં ડ્રાઈવર કંડકટરની પાસેથી દંડ વસુલાયો છે. જયારે અન્ય ત્રણ કિસ્સામાં મુસાફરો પાસેથી પણ દંડની રકમ વસુલ કરવામાં આવી છે. દંડ પેટે એક મહીનામાં રૂ ૮૦ વસુલાયા છે.

## પહોળો કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ ધમધમતી હોવાથી માર્ગને અપગ્રેડ કરવાની અનિવાર્યતા પ્રબળ બની હતી. જેના લીધે કોર્પોરેશન કક્ષાએથી ફાળવવામાં આવેલી રકમમાંથી આ માર્ગને પહોળો કરવાની કામગીરી હાથ ધરાશે. સુત્રોના જણાંવ્યા મુજબ જૈન દેરાસરથી પંચદેવ મંદિર અને આર્યુવેદિક ઉદ્યાન તરફ ફરતા માર્ગને ૫ મીટરમાંથી ૭ મીટર પહોળો કરવા માટે તંત્ર દ્વારા કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે. આ કામગીરી માટે અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે માર્ગ વાઈડનીંગના અંતે બીજા તબક્કામાં માર્ગ આસપાસ વોક વે પણ બનાવવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે.

## ગાંધી ૧૦૦ ● ૪ પાનાનું ચાલુ...

આપવા માગતી હતી. પરંતુ તેની પાસે તો ફૂટી કોડી ય ન હતી. આથી આ વૃદ્ધા અન્ય લોકોને હાથ જોડીને વિનંતી કરતી હતી કે 'થોડા પૈસા મને ઉધાર પેટે આપો હું ગાંધીજીને આપવા માંગુ છું. તમારા પૈસા હું મજૂરી કરીને ચૂકવી દઈશ.' એ વૃદ્ધાને ઉધાર પૈસા તો મળ્યા પણ માત્ર એક પૈસો જ. આથી વૃદ્ધાને એક પૈસો આપવામાં સંકોચ થતો હતો. પણ ગાંધીજી તો ગાંધી જ હતા ને. એ વૃદ્ધાનો એક પૈસો લઈને તેમણે કહ્યું, 'માં તારો આ એક પૈસો નાનો નથી. આ પૈસો તો બહુ કિંમતી છે.'

ગાંધીજીએ આ વૃદ્ધાના અમૂલ્ય દાનમાં મળેલો પૈસો 'લીલામી'માં ચડાવી દીધો. એક વૃદ્ધાના એકપૈસાની 'લીલામી' કરીન એ વૃદ્ધાની એક પૈસાની દાનની રકમને ઊંચામાં ઊંચી બોલી સાથે જોડી દીધો. આથી જ ગાંધીજી માણસ નામે મહાત્મા અને વણિકમાંથી વૈશ્વિક તરીકેની નામના પામતા રહ્યા છે. આવા તો અનેક પ્રસંગો તેમના જીવન સાથે જોડાયેલા છે.

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**